# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો. નંબર: ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિએશન ગ્રેડ: "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

પીએમ-ઉષા PM-USHA

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલ: exam_spu@spuvvn.edu; વેબસાઈટ: www.spuvvn.edu


પરીક્ષા વિભાગ

## <u>અગત્યનોપરિપત્ર</u>

વિષય: **Semester-V** Skill Enhancement/Discipline Specific વિષયોની સ્નાતક કક્ષાની ઓક્ટોબર/નવેમ્બર-૨૦૨૪ પરીક્ષાનાં માર્કસ ઓનલાઇન પોર્ટલ પર એન્ટ્રી કરવા બાબત.

**(કોલેજ દ્વારા લેવાતી Skill Enhancement/Discipline Specific વિષયોની સ્નાતક કક્ષાની પરીક્ષાના માર્કસ ઓન લાઇન પોર્ટલ પર કોલેજ દ્વારા જ ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.)**

આથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રીઓને/ઇન્સ્ટીટ્યુટ્સના નિયામકશ્રીઓને ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે **Skill Enhancement/Discipline Specific** વિષયોની **પરીક્ષાઓ જે કોલેજ દ્વારા લેવામાં આવે છે** તે દરેક વિષયોની યુનિવર્સિટીની પરીક્ષાનાં માર્કસ યુનિવર્સિટી પોર્ટલ પર એન્ટ્રી કરવા માટે યુનિવર્સિટી પોર્ટલ **<u>તારીખ: ૧૭/૧૦/૨૦૨૪ થી તારીખ: ૨૦/૧૧/૨૦૨૪ સુધી</u>** ઓપન રહેશે. **<u>સદર તારીખ બાદ જો કોઇ વિષયની એન્ટ્રી બાકી રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજની રહેશે.</u>** તેમજ ઓનલાઇન પોર્ટલ પર એન્ટ્રી કરી શકાશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

જે તે વિષયનાં માર્કસ યુનિવર્સિટીનાં ઓનલાઇન પોર્ટલ ઉપર એન્ટ્રી કરી તેની પ્રિન્ટ આઉટ લઇ તેની હાર્ડ કોપીની ચકાસણી કર્યા બાદ હાજર રીપોર્ટ સાથે કવર ઉપર કોલેજનું નામ તેમજ વિષય કોડ અને વિષય અવશ્ય દર્શાવી યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાના રહેશે.

**નોંધ.** (૧) **કોલેજ દ્વારા લેવામાં આવતી Skill Enhancement/Discipline Specific વિષયોની પરીક્ષાના માર્કસ પોર્ટલ પર નાખતા સમયે જો કોઇ વિદ્યાર્થી AB (ગેરહાજર) રહ્યો હોય તો પોર્ટલ પર AB દર્શાવવાનો રહેશે.**

(૨) **કોલેજ દ્વારા લેવામાં આવતી Skill Enhancement/Discipline Specific વિષયોની પરીક્ષાનાં માર્કસ પોર્ટલ પર નાખ્યા બાદ ચકાસણી કરી ફાઇનલ <u>સબમીટ કરવા Lock કરવાનું રહેશે</u>. જેની ખાસ નોંધ લેવી.**

(૩) **પરીક્ષા વિભાગનો નંબર ઇ-૩/૧૪૮૩ તારીખ : ૦૪/૧૦/૨૦૨૪નો અગત્યનો પરિપત્ર (માર્કસ સુધારા માટે)**

નંબર: ઈ-૩/ 1644
તારીખ: 17/10/2024
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ સવિનય રવાના:

(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.

(૨) યુનિવર્સિટીના વિભાગીય વડાશ્રીઓ/કોલેજનાં આચાર્યશ્રીઓને / ઇન્સ્ટીટ્યુટ્સના નિયામકશ્રીઓ તરફ જરૂરીજાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.